# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની તમામ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે ધોરણ ૯–ના વિદ્યાર્થીઓની પ્રતિભા બહાર લાવવા માટે આયોજિત થતી પ્રખરતા શોધ કસોટી(TST) ચાલુ વર્ષે તા.૦૭/૦૨/૨૦૨૩ ના રોજ લેવામાં આવેલ હતી. આ પ્રખરતા શોધ કસોટીમાં ઉપસ્થિત થનાર વિદ્યાર્થીઓના ગુણપત્રકો અને S.R. આ ઉપરાંત મેરીટયાદીમાં સ્થાન પામેલ વિદ્યાર્થીઓ માટે પ્રશસ્તિપત્ર, રૂપિયા ૧૦૦૦/– ની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ અને શાળા માટે મેરીટયાદી વગેરે તા.૧૦/૦૫/૨૦૨૩ ને બુધવારના રોજ ધો.૧૨ (વિજ્ઞાન પ્રવાહ)ના પરિણામ સાથે જિલ્લા કક્ષાએ મોકલવામાં આવનાર છે. સંબંધિત શાળાના આચાર્યએ પોતાની શાળાના વિદ્યાર્થીઓના ગુણપત્રકો અને અન્ય સાહિત્ય જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનો સંપર્ક કરી તાત્કાલિક મેળવી લેવા જણાવવામાં આવે છે. સાહિત્ય મળ્યેથી શાળાએ તેના પ્રખરતા શોધ કસોટી–૨૦૨૩(TST) ના પરીક્ષાર્થીની ખરાઈ કર્યા બાદ જ સંબંધિત વિદ્યાર્થીને ગુણપત્રક, પ્રશસ્તિપત્ર અને ડિમાન્ડ ડ્રાફ્ટ સમયસર અને જવાબદરીપૂર્વક વિતરણ કરવાના રહેશે. આ બાબતની તમામ સંબંધિતોએ નોંધ લેવા વિનંતી છે .

**સ્થળ :ગાંધીનગર**
**તારીખ :૦૭/૦૫/૨૦૨૩**

**(એમ.કે.રાવલ)**
નિયામક પરીક્ષા
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.